**મહે. ૧૨ માં એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી મેજી.શ્રીની કોર્ટમાં,**

**મુ. વડોદરા.**

ગુ.મુ.નં. ૨૦૩૭૧/૨૦૨૩

ફરીયાદી – શ્રી સરકાર

વિરુદધ

આરોપી –નં. ૧ જયવિરસિંહ રણજીતસિંહ ચાવડા
રહે. એ–૨૦૨, નમન રેસીડેન્સી, સોમા તળાવ, વડોદરા

આરોપી નં. ૨ હેમંત નારણભાઈ પટેલ
રહે. બી–૨૦૮, સીધ્ધી સીધ્ધી સોસાયટી, સોમા તળાવ, વડોદરા

આરોપી નં. ૩ દક્ષેશભાઈ પ્રવિણભાઈ પંચાલ
રહે. શંકરનગર, ગોકુળધામ સામે, માંજલપુર, વડોદરા

**ગુનો :–ઈ.પી. કો કલમ–૧૮૮,૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫, ૧૩૧ મુજબ**

**: ચુકાદો :**

**૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી. કો કલમ–૧૮૮,૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫, ૧૩૧ મુજબનો ગુનો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી વિરુધ્ધ કરેલ છે.

**૨)** આજરોજ રાષ્ટ્રીય લોક અદાલત નિમિતે ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓએ આજરોજ અદાલતમાં હાજર થઈ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાની અરજ કરેલ છે. આમ તેમની સામે ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

**૩)** આરોપીઓને ગુનાની ગંભીરતા અંગે સમજાવવામાં આવ્યા, તેમ છતાં આરોપીઓ ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે. જેથી આરોપીઓએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ

આવે છે. અગાઉ આરોપીઓએ આ પ્રકારનો ગુનો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીઓનો પ્રથમ ગુનો હોઈ અને આરોપીઓને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાતરી આપતા હોઈ આરોપી ઓની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ તથા નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા ક્રિમીનલ અપીલ નં.૯૧૮/૧૯૯૦ ના તા.૨૧/૧/૦૪ ગુજરાત રાજય વિ.રાજેશકુમાર રતનલાલ સિંધી વિગેરે ચાર ના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

૧) આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી. કો કલમ– ૧૮૮,૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫, ૧૩૧ મુજબના ગુનામાં દોષિત ઠરાવી દરેક આરોપીને રૂા.૨૫૦(અંકે રૂપીયા બસો પચાસ પુરા) લેખે કુલ ૭૫૦/– (અંકે રૂપીયા સાતસો પચાસ પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન–૩ ની સાદી કેદ ની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદામાલ સંબંધે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને અન્ય મુદામાલનો અપીલ સમય વીતે નાશ કરવો.

હુકમ આજરોજ તા. ૯, માહે–સપ્ટેમ્બર, સને –૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વડોદરા.
તા. ૯/૯/૨૦૨૩

**(ભાસ્કર રામેશ્વરપ્રસાદ દવે)**
૧૨ માં એડી.સીની.સિવીલ જજ અને
એડી. ચીફ જયુ.મેજી., વડોદરા.
જજ કોડ નં.જીજે.૦૧૦૭૩